# પ્રથમ વાર્ષિક અહેવાલ
## ૧૯૯૯~૨૦૦૦

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION

तमसो मा ज्योतिर्गमय ।

## ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

## ૧૯૯૯-૨૦૦૦ના વર્ષ માટે
## પ્રથમ વાર્ષિક અહેવાલ

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
Librery
No..............

પ્રથમ માળે, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

પ્રથમમાળ, નેપ્ચ્યુન ટાવર્સ, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૩૬ અન્વયે જરૂરી સન ૧૯૯૯-૨૦૦૦ માટે, આયોગ તેનો પ્રથમ વાર્ષિક અહેવાલ રજૂ કરે છે. ગુજરાત વીજળી નિયંત્રક આયોગે વર્ષ દરમિયાન કરેલ પ્રવૃતિઓનો સારાંશ.

એમ.ડી. માંકડ
આઈ.એ. એસ.

સચિવ
ગુજરાત વીજળી નિયંત્રક આયોગ વતી,

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ - અમદાવાદ

## ૧. પ્રાસ્તવિક

૧૨ નવેમ્બર, ૧૯૯૮ના જાહેરનામાથી ગુજરાત સરકારે ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ-૧૭ અન્વયે ગુજરાત વીજળી નિયંત્રક આયોગ (જી.ઈ.આર.સી)ની રચના કરી છે અને ગુજરાત વીજળી નિયંત્રક આયોગે તા. ૧.૪.૧૯૯૯થી કામગીરી શરૂ કરી છે.

## ૨. આયોગ અને તેનું સચિવાલય

### ૨.૧ આયોગ

આયોગ અધ્યક્ષ અને બે સભ્યોનું બનેલું વૈધાનિક મંડળ છે. ૧૯૯૯-૨૦૦૦ના વર્ષ દરમ્યાન અયોગનું બંધારણ નીચે પ્રમાણે હતું.

| | | |
|---|---|---|
| ૧. જસ્ટીસ ડી. જી કારિયા | અધ્યક્ષ | તા. ૧૯-૪-૯૯થી ૩૧-૩-૨૦૦૦ |
| ૨ શ્રી બી.એમ.ઓઝા | સભ્ય | તા. ૧૯-૪-૯૯ થી ૩૧-૩-૨૦૦૦ |
| ૩ શ્રી આર.કે.શર્મા | સભ્ય | તા. ૧૯-૪-૯૯ થી ૩૧-૩-૨૦૦૦ |

તા. ૧૯-૪-૧૯૯૯ના રોજ મુખ્યમંત્રીશ્રી એ અધ્યક્ષ તેમજ સભ્યોને શપથ લેવડાવ્યા હતા.

### ૨.૨ આયોગનું સચિવાલય

તા. ૧૪-૬-૯૯થી તા. ૬-૧૧-૯૯ સુધી રાજ્ય સરકારે શ્રી વિરાટ એમ. વોરા આઈ. એ. એસ ને આયોગના સેક્રેટરી તરીકે નિયુક્ત કર્યા હતા. વર્ષ ના બાકીના સમય માટે શ્રી એસ.એન.વસીટા,નાયબ નિયામકે (વહીવટ) સચિવનો હવાલો સંભાળ્યો હતો. રાજ્ય સરકારે એમના તા. ૧૩-૯-૯૯ના ઠરાવથી ૨૪ જગ્યાઓ મંજૂર કરી હતી. આ અંગેની વિગતો પરિશિષ્ટ-ક માં આપવામાં આવી હતી.

## ૩. આયોગની કામગીરી

૩.૧ ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમનું પ્રકરણ- ૫ રાજ્ય આયોગની સત્તા અને કામગીરી અંગે છે. કલમ ૨૨(૧)નીચે પ્રમાણે છે. પ્રકરણ ૩ ની જોગવાઈઓ ને અધીન રહીને રાજ્ય આયોગ નીચેની કામગીરીઓ બજાવશે જેમ કે.

(ક) કલમ ૨૯માં જોગવાઈ કરેલી પદ્ધતિએ, યથાપ્રસંગ, વીજળી માટે જથ્થાબંધ, થોક[illegible] ગ્રીડ અથવા છુટક માટે વીજદરનક્કી કરવો.

(ખ) કલમ ૨૯માં જોગવાઈ કરેલ પદ્ધતિમાં પ્રવાહન વીજદરનો સવલતોના ઉપયોગ માટે ચૂકવવા પાત્ર વીજદર નો નિર્ણય કરવો.

(ગ) રાજ્યમાં પ્રવાહન, વેચાણ,વિતરણ અને પુરવઠા માટે નિર્માણ કંપનીઓ, નિર્માણ મથકો અથવા અન્ય સાધનો પાસેથી વીજળી જે ભાવે પ્રાપ્ત કરવામાં આવશે તે ભાવ સહિત પ્રસારણ ઉપયોગીતાઓ અને વિતરણ ઉપયોગોની ખરીદી અને પ્રાપ્તી પ્રક્રિયા વિનિયમિત કરવી.

(ઘ) આ અધિનિયમના ઉદ્દેશો અને હેતુઓ હાંસલ કરવા વીજ ઉદ્યોગની પ્રવૃતિઓમાં સ્પર્ધા, કાર્યક્ષમતા અને અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપવું વધુ ૧૯૯૮ના વીજળી નિયંત્રક અધિનિયમની કલમ-૨૨ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે રાજ્ય સરકારે તા. ૨૦નવે. ૧૯૯૮ના જાહેરનામા નં.જીએચયુ-૯૮-૫૬ ઈઆરસી ૧૨૯૮-જીઓઆઈ - ૩૦(૩) કે-થી રાજ્ય સરકારે રાજ્ય આયોગ પર નીચેની કામગીરી નિહીત કરી છે, જેમ કેઃ-

(ક) રાજ્યમાં વીજનિર્માણ, પ્રવાહન, વિતરણ અને પુરવઠા સંબંધી બાબતોમાં રાજ્ય સરકારને સહાય કરવી અને સલાહ આપવી.

(ખ) રાજ્યની અંદર વીજ-પદ્ધતિની કામગીરી વિનિયમિત કરવી.

(ગ) વીજ પ્રવાહન,થોકબંધ પુરવઠો, વિતરણ અથવા પુરવઠા માટે પરવાના આપવા અને પરવાનામાં સમાવિષ્ટ કરવાની શરતો નક્કી કરવી.

(ઘ) રાજ્યમાં વીજ-ઉદ્યોગમાં રોકાયેલાને પરવાનાઓની અને અન્ય અધિકૃત કરેલી અને પરવાના આપેલ વ્યક્તિઓની કામગીરી વિનિયમિત કરવી અને કાર્યક્ષમ, કરકસરભરી રીતે અને સમન્યાય પદ્ધતિએ એમની કામગીરીમાં પ્રોત્સાહન આપવું.

(ચ) પરવાનેદારોએ, વીજ નિર્માણ, પ્રવાહન, વિતરણ પુરવઠા, ઉપયોગીતાના પ્રોત્સાહન તેમજ સેવાની ગુણવત્તા માટે અન્યો સાથે સમન્વય સાધી યથાર્થ આયોજન અને યોજનાઓ ઘડવી અને યોગ્ય વીજ ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયાની ગોઠવણ કરવી.

(છ) રાજ્યમાં વીજ ઉદ્યોગ તેમજ સેવાની ગુણવત્તા સાતત્યતા અને વિશ્વસનિયતા માટે ધોરણ નિર્ધારિત કરવા,

(જ) રાજ્યમાં વીજ ઉદ્યોગમાં સ્પર્ધાત્મકતાને ઉત્તેજન આપવું અને ખાનગી ક્ષેત્રના સહયોગ માટે તક આપવી અને ગ્રાહકોને ન્યાયિક વ્યવહાર સુનિશ્ચિત કરવો.

(ઝ) સલામતીના ધોરણો નિયત કરવા અને અમલ કરવો.

(ટ) રાજ્ય વીજ નીતિ ઘડવા રાજ્ય સરકારને સહાય કરવી અને સલાહ આપવી.

(ઠ) વીજળીના નિર્માણ પ્રવાહન, વિતરણ અને ઉપયોગીતા સંબંધી માહિતી એકત્ર કરવી અને નોંધવી,

(ડ) રાજ્યમાં વિદ્યુતની માગણી અને ઉપયોગ અંગે માહિતી અને પૂર્વધારણા એકત્ર કરવી અને પ્રસિદ્ધ કરવી અને આવી માહિતી એકત્ર કરવા અને પ્રસિદ્ધ કરવા પરવાનેદારો માટે જરૂરી બનાવવી.

(ઢ) રાજ્યમાં વીજ ઉદ્યોગ સંબંધી અને તેને લગતી અસ્કયામતો, મિલકતો અને મિલકતમાં હિત વિનિયમિત કરવું તેમજ વીજ ઉદ્યોગમાં પ્રવેશ અને નિર્ગમ માટે જાહેર હિતની સલામતી અંગેની શરતો ઠરાવવી.

(ત) પરવાનેદારો અને ઉપયોગ કર્તાઓ વચ્ચેના વિવાદ અને મતમતાંતર પર ન્યાય નિર્ણય આપવો અને લવાદ માટે નિર્ણય કરવો.

(થ) પર્યાવરણ લક્ષી નિયંત્રક એજન્સીઓ સાથે સંકલન કરવું અને રાજ્યમાં વીજ ક્ષેત્ર અને ઉપયોગ કર્તાઓના યોગ્ય પર્યાવરણલક્ષી વિનિયમ માટે નીતિઓ અને કાર્યપદ્ધતિઓ તૈયાર કરવી.

(દ) આયોગને ઉલ્લેખેલ કોઈપણ અન્ય બાબત અંગે રાજ્ય સરકારને સહાય કરવી અને સલાહ આપવી.

## ૪. રાજ્ય સલાહકારી સમિતિ

વાણિજ્ય, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, શ્રમ, ગ્રાહકો, બિન-સરકારી સંગઠનો અને ઊર્જા ક્ષેત્રમાં શૈક્ષણિક અને સંશોધન મંડળોના હિતનું પ્રતિનિધિત્વ કરતા ૨૧ સભ્યો કરતાં વધુ નહિ એવી વ્યક્તિઓની બનેલી રાજ્ય સલાહકારી સમિતિની સ્થાપના કરવા ૧૯૯૮ના વિદ્યુત નિયંત્રક આયોગ અધિનિયમની કલમ-૨૪ (રાજ્ય) આયોગને સત્તા આપે છે. આ માટે, આયોગે એક સલાહકારી સમિતિની રચના કરીછે. રાજ્ય આયોગના અધ્યક્ષ અને સભ્યો હોદાની રૂ એ રાજ્ય સલાહકારી સમિતિના અધ્યક્ષ અને સભ્યો હતા.

## ૫. વર્ષ દરમિયાન પ્રવૃતિઓ

૫.૧ ૧૯૯૮ના વિદ્યુત નિયંત્રક આયોગોના અધિનિયમ કલમ ૧૭(૧) અન્વયે જોગવાઈ કર્યા પ્રમાણે ગુજરાત સરકારે એના તા. ૧૨ નવેમ્બર, ૧૯૯૮ના જાહેરનામાથી આયોગની રચના કરી હતી અને આયોગે તા.૧-૪-૧૯૯૯ થી કામગીરી શરૂ કરી હતી.

૫.૨ ૧૯૯૯-૨૦૦૦-નું નાણાકીય વર્ષ આયોગની કામગીરીનું પ્રથમ વર્ષ હતું. તેથી આયોગના સરળ સંચાલન માટે આયોગે અમુક પગલા લેવા પડ્યા હતા. તે પ્રમાણે ૧૯૯૯-૨૦૦૦ના નાણાકીય વર્ષ દરમિયાન, અધિનિયમની જોગવાઈઓને અનુરૂપ વિનિયમો ઘડવા ૧૯૯૮ના વિદ્યુત નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૫૮ થી આયોગ પર નિહિત સતાની રૂ એ આયોગે "ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ"(કાર્યસંચાલન)વિનિયમો, ૧૯૯૯ ઘડ્યા હતા. અને તા. ૬-૬-૧૯૯૯ના રોજ સરકારી રાજપત્રમાં એ પ્રસિદ્ધ કર્યા હતા.

૫.૩ સરકારે એના તા. ૧૩-૯-૯૯ના ઠરાવથી આયોગના સરળ સંચાલન માટે ૨૪ (ચોવીસ) જગ્યાઓ મંજૂર કરી હતી. આયોગે અન્ય સંગઠનોમાંથી પ્રતિનિયુક્તિ પર કેટલીક જગ્યાઓ

ભરી હતી અને કામગીરીના વિવિધ ક્ષેત્રો સંબંધી અનુભવી અને લાયકાત ધરાવતા કર્મચારીની ભરતી કરવા કેટલીક ખાલી જગ્યાઓની જાહેરાત કરવામાં આવી.

૫.૪ આ હેતુ માટે, આયોગે અધિકારીઓ અને કર્મચારીવર્ગની ભરતીની પદ્ધતિ અને સેવાની શરતોના વિનિયમો પણ ઘડ્યા હતા અને સરકારે એના તા. ૧૫ જુલાઈ, ૨૦૦૦ના પત્ર નં. ઈઆરસી ૨૦૦૦ ૫૨૯ કે થી મંજૂરી આપી હતી.

૫.૫ આયોગની સુચારુ કામગીરી માટે નાણાકીય અને હિસાબી કાર્ય પદ્ધતિ અતિ આવશ્યક છે. તમામ વિદ્યુત નિયંત્રક આયોગોને લાગુ કરવાપાત્ર કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે ઠરાવેલ કાર્ય પદ્ધતિ સાથે સુસંગત હિસાબી કાર્યપદ્ધતિ આયોગે ઘડી છે. રાજ્ય સરકારે એને પણ પોતાના તા. ૧૮ જૂન, ૧૯૯૯ના પત્રથી મંજૂરી આપી છે.

૫.૬ ૧૯૯૯-૨૦૦૦ના નાણાકીય વર્ષ માટેના વાર્ષિક હિસાબો પૂર્ણ કરવામાં આવ્યા છે અને કેગે તેનું ઓડિટ કર્યું છે. માર્ચ, ૨૦૦૧માં હિસાબોનું ઓડિટ કરવામાં આવ્યું હતું અને ઓકટોબર, ૨૦૦૧માં ઓડિટ પ્રમાણપત્ર મળ્યું હતું.

૫.૭ ખાસકરીને વીજ ક્ષેત્રમાં કામગીરીમાં અધિકતમ કાર્યક્ષમતા મેળવવા અને બદલાતા પર્યાવરણમાં ગતિ જાળવવા એમને શક્તિમાન બનાવવા આધુનિકીકરણ અને કાર્યક્ષમતાની દ્રષ્ટીએ આયોગે અદ્યતન આઈટી સોફ્ટવેરની સ્થાપના કરી કમ્પ્યુટરી કરણ કાર્યક્રમ હાથ ધર્યો તેમજ અધિકારીઓ અને તાબાના કર્મચારીઓને તાલીમ આપી છે.

૫.૮ આયોગના અધિકારીઓને હૈદરાબાદના એ એસ.સી.આઈના ભારતીય ઊર્જા તાલીમ કાર્યક્રમમાં નિયમિત મોકલવામાં આવતા હતા અને તેમને વીજ ક્ષેત્રમાં તાજેતરના ફેરફારો સાથે સંપર્ક રાખવા વીજક્ષેત્ર સંસ્થાઓએ ગોઠવેલ વિવિધ વર્કશોપ અને સેમિનારમાં મોકલવામાં આવ્યા હતા.

૫.૯ ગ્રાહકોમાં સાવચેતી અને જાગૃતિ લાવવા અને એમની સામાન્ય લાગણી જાણવા આયોગે ગુજરાતમાં વિવિધ સ્થળોએ જેમકે મહેસાણા, વાપી, ભરૂચ, રાજકોટ, ગાંધીધામ, ભૂજ ખાતે ૧૦મી ડિસેમ્બર૧૯૯૯ થી ૨૭ ડિસે. ૧૯૯૯ દરમિયાન ગ્રાહક સંપર્ક કાર્યક્રમનું આયોજન કર્યુ હતું જ્યાં ગ્રાહકોએ બેઠકમાં હાજરી આપી હતી અને આર્થપૂર્ણ સહયોગ આપ્યો હતો એમણે તેમના દ્રષ્ટિ બિંદુ કાર્યક્ષમ અને સક્રિય રીતે રજૂ કર્યા હતા.

## ૬. <u>ટેરીફનો નિર્ણય.</u>

૬.૧ તા. ૧૪-૯-૧૯૯૯ના રોજ જીઈબીએ ટેરીફની અરજી કરી હતી અને આયોગે ગુજરાત વિદ્યુત બોર્ડ માટે ટેરીફની સુનાવણી યોજી હતી.

૬.૨ **ગુજરાત વિદ્યુત બોર્ડ**

૧૯૪૮ના વિજળી (પુરવઠા) અધિનિયમ અન્વયે ગુજરાત વિદ્યુત બોર્ડ (જીઈબી)ની સ્થાપના કરવામાં આવી છે અને અમદાવાદ વીજળી કંપની અને સૂરત વીજળી કંપની આવરી લીધેલા વિસ્તાર સિવાય સમગ્રરાજ્યમાં વીજળી પૂરી પાડવા માટે તે જવાબદાર છે. જીઈબીએ તેની ટેરીફ અરજીમાં જાહેર કર્યા પ્રમાણે કુલ જરૂરી ઊર્જા ૩૭૯૦૬ મે. એકમ છે અને કુલ સ્થાપિત શક્તિ ૪૪૯૫ મે.વો. છે તેથી ખૂટતી વીજળી કેન્દ્રિય નિર્માણ મથકો તેમજ આઈપીપી પાસેથી ખરીદવામાં આવે છે.

૬.૩ જીઈબીએ સપ્ટેમ્બર, ૧૯૯૯માં ટેરીફની સુધારણા માટેની તેની દરખાસ્ત રજૂ કરી હતી આયોગે વિવિધ સુનાવણીઓ યોજી હતી જેમાં ૭૫ ગ્રાહકો અને ગ્રાહક સંગઠનોએ ભાગ લીધો હતો. આયોગે વાંધાઓ અને સૂચનો તપાસ્યા હતા અને તેનો અભ્યાસ કર્યો હતો જેથી તે ટેરીફ હુકમોમાં ઉપયોગી પ્રસ્તુતતા લાવી શકાય.

૬.૪ ઉપર આપ્યાથી, સંગઠનો અને ગ્રાહકોએ વાંધાઓ ઊઠાવ્યા હતા અને વિવિધ સૂચનો કર્યા હતા ગ્રાહકોના હિતનું ધ્યાન રાખવા ૧૯૯૮ના વિદ્યુત નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૨૬ અન્વયે આયોગે વિદ્વાન કાઉન્સેલ શ્રી ડી.એમ.પરીખની નિમણૂક કરી હતી અને તેમણે ગ્રાહકોવતી દલીલો કરી હતી.

## ૭. ગ્રાહક સલામતી અને અન્ય :-

૭.૧ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વિવિધ ઉપયોગોના ટેરીફ નક્કી કરવા સક્ષમ હોવા છતાં તેણે ગ્રાહકોનું હિત સુનિશ્ચિત કર્યુ અને સલામત રાખ્યું અને વિવિધ હિત જુથોની કક્ષાઓ તેમના વપરાશ પરના આધારે ભાર પરિબળ, અથવા વીજ પરિબળ, તેમજ એ નિર્દિષ્ટ સમય દરમિયાન કુલ વપરાશ અને આવી અન્ય જુદી જુદી પારમિતિઓ ધ્યાનમાં રાખી ટેરીફ મેળવવામાં આવેછે.

૭.૨ અધિનિયમ એ પણ સુનિશ્ચિત કરે છે કે ગ્રાહક જૂથોના પ્રતિનિધિનો વીજદર નકકી કરવાની બાબતમાં સંપર્ક કરવામાં આવે છે.આયોગે કામગીરીનું ન્યુનતમ ધોરણ નક્કી કરવું અને ગ્રાહકોનો માહિતીનો અધિકાર જાળવવો પણ જરૂરી છે.

૭.૩ વાણિજ્ય, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, મજૂર ગ્રાહક વગેરેના હિતનું પ્રતિનિધિત્વ કરવા ઉપર ફકરા-૪માં જણાવ્યા પ્રમાણે આયોગે રાજ્ય સલાહકાર સમિતિની રચના કરી હતી આયોગની રચના પછી તરતજ આયોગે સલાહકાર સમિતિની રચના કરી હતી જે આયોગને ગ્રાહકની હિતસંબંધી તમામ બાબતો અંગે સલાહ આપે છે.

# APPENDIX - A

**Details of posts sanctioned vide Govt of Gujarat, EPD Resolution No. ERC-1299-3349-K dated 13.9.1999**

| Sr No | Name of the Post | No of post sanctioned | Pay Scale |
|---|---|---|---|
| 1 | Chairman | 1 | Rs. 26,000/-fixed |
| 2 | Members | 2 | Rs. 22,400-525-24,500 |
| 3 | Secretary | 1 | Rs. 18400-500-22400 |
| 4 | Joint Director | 1 | Rs. 14300-400-18300 |
| 5 | Dy. Director | 3 | Rs. 12000-375-16500 |
| 6 | Legal Advisor | 1 | Rs. 14300-400-18300 |
| 7 | Accounts Officer | 1 | Rs. 8000-275-13500 |
| 8 | Information Technology Manager | 1 | Rs. 8000-275-13500 |
| 9 | Personal Assistant (English Stenographer GR-I) | 4 | Rs. 6500-200-10500 |
| 10 | Personal Assistant (Gujarati Stenographer GR-I) | 1 | Rs. 6500-200-10500 |
| 11 | Executive | 3 | Rs. 5500-175-9000 |
| 12 | Driver-cum-attendant-peon | 3 | Rs. 3050-75-3950-80-4590 |
| 13 | Peon | 2 | Rs. 2550-55-2660-60-3200 |
| | **TOTAL** | **24** | |